અણવઃ સ્કન્ધાશ્ચ ------- ૫-૨૫

સૂત્રાર્થ: પુદ્ગલના પરમાણુ અને સ્કંધ એમ મુખ્ય બે ભેદો છે.

ભાવાર્થ: પરમાણુ એટલે પરમ (અંતિમ) અણુ. પરમાણુ પુદ્ગલનો અવિભાજ્ય અંતિમ વિભાગ છે. એનાથી નાનો વિભાગ હોતો જ નથી. એના પ્રદેશો હોતા નથી. એ પોતે જ એક પ્રદેશરૂપ છે.

સ્કંધ એટલે પરસ્પર જોડાયેલા બે કે વધુ પરમાણુઓનો જથ્થો. આ સ્કંધો સૂક્ષ્મ પરિણામવાળા અને બાદર પરિણામવાળા એમ બે પ્રકારના છે. સૂક્ષ્મ પરિણામવાળા સ્કંધો આંખોથી દેખાતા નથી. બાદર પરિણામવાળા સ્કંધો જ આંખોથી દેખાય છે.

પરમાણુ અને સ્કંધ બંને પુદ્ગલ રૂપે સમાન હોવા છતાં બંનેની ઉત્પત્તિમાં કારણો ભિન્ન (જુદા જુદા) છે. તે બંનેની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તે હવે પછીના બે સૂત્રોમાં જણાવે છે.

સંઘાત - ભેદેભ્યઃ ઉત્પદ્યન્તે ૫-૨૬

સૂત્રાર્થ: સંઘાત, ભેદ અને સંઘાત-ભેદ એ ત્રણ કારણોમાંથી કોઈ પણ એક કારણથી સ્કંધની ઉત્પત્તિ થાય છે

**ભાવાર્થ:** સંઘાત એટલે જોડાવવું. બે અણુના સંઘાતથી એટલે કે જોડાવાથી દ્વિઅણુક (બે અણુનો) સ્કંધ ઉત્પન્ન થાય છે. ત્રણ અણુઓ જોડાવાથી ત્ર્યણુક (ત્રણ અણુનો) અને ત્રણ અણુમાં એક અણુ જોડાવાથી ચતુરણુક (ચાર અણુનો) સ્કંધ ઉત્પન્ન થાય છે.

**ભેદ** એટલે છૂટું પડવું. સૂત્રમાંનો વાક્યો તે જોડવું કહેવાય. જોડાવાથી વધુ બનવું એટલે સંઘાત થયો. હવે તેના બે ભાગ કરીએ તો દરેક ભાગ ભેદથી થયા કહેવાય. મોટા સ્કંધો વિખરાઈને નાના નાના સ્કંધો બને તે સ્કંધો ભેદથી બન્યા કહેવાય.
જેમ ૧૦૦ પાનાની એક ચોપડી (book) બની તે સંઘાત. આનો કચરો હાથમાંથી પડી જાય અને તેના ટુકડા થાય તે ભેદથી થયા કહેવાય

**સંઘાત-ભેદ:** સંઘાત-ભેદ એટલે એક જ સમયે છૂટું થવું અને જોડું થવું. જેમ દરજી (Tailor) પેન્ટ બનાવવા માટે કાપડને કટીંગ કરે તે ભેદ અને મશીનથી કાપેલા ટુકડાને યથાસ્થાને જોડે તે સંઘાત. આમ સંઘાત-ભેદથી પેન્ટ તૈયાર થાય.

૫-૨૭

ભેદાદ્ અણુ:

**સૂત્રાર્થ:** પરમાણુની ઉત્પત્તિ સ્કંધના ભેદથી જ થાય છે.

ભાવાર્થ: પરમાણુ પુદ્ગલનો અંતિમ અંશ છે. સંઘાત થાય ત્યારે તે અંતિમ અંશ તરીકે મટીને સ્કંધ રૂપે બને છે, એટલે સંઘાતથી સ્કંધની ઉત્પત્તિ થાય છે પણ પરમાણુની ઉત્પત્તિ થતી જ નથી. વળી સંઘાત-ભેદ પણ પરમાણુની ઉત્પત્તિ થતી જ નથી. વળી સંઘાત-ભેદ થતાં કેટલાં પરમાણુ ભેગા થાય છે અને કેટલા પરમાણુ છૂટા પડે છે. એટલે સંઘાત-ભેદથી પણ પરમાણુની ઉત્પત્તિ થતી નથી, માટે સ્કંધમાંથી પરમાણુ છૂટો પડે ત્યારે જ એટલે કે ભેદથી જ પરમાણુ બને છે.

ભેદ સંઘાતાભ્યાં ચાક્ષુષા: ૫-૨૮

સૂત્રાર્થ: ભેદ અને સંઘાત એમ ઉભયથી ઉત્પન્ન થયેલા સ્કંધો જ ચાક્ષુષ બને છે અર્થાત્ ચક્ષુથી જોઈ શકાય છે.

ભાવાર્થ: જે સ્કંધો કેવળ ભેદથી કે કેવળ સંઘાતથી ઉત્પન્ન થાય છે તે સ્કંધો આંખથી જોઈ શકાતા નથી. જે સ્કંધો આંખથી જોઈ શકાય છે તે સ્કંધો ભેદ અને સંઘાત એમ ઉભયથી બને છે.

ભેદ-સંઘાતથી ઉત્પન્ન થયેલા બધા સ્કંધો જોઈ શકાય એવો નિયમ નથી. પણ જે સ્કંધો જોઈ શકાય છે તે સ્કંધો ભેદ-સંઘાતથી જ ઉત્પન્ન થયેલા હોય છે તેવો નિયમ છે. જેમ હાર બને છે ત્યારે દિવાલો જોડાતા સંઘાત પણ થાય છે અને તેમાં વપરાતા પાંચ

વસ્તુ વગેરેના ટુકડા કરવા પડે છે ત્યારે ભેદ પણ હોય છે. આમ સંઘાત-ભેદ દ્વારા તૈયાર થાય છે, જે ચક્ષુ ગ્રાહ્ય (ઇંદ્રિય ગોચર) બને છે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-યુક્તં સત્ ૫-૨૯

સૂત્રાર્થ: જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોય તે સત્ કહેવાય છે. સત્ એટલે પદાર્થ.

ભાવાર્થ: ઉત્પાદ (ઉત્પત્તિ), વ્યય (નાશ) અને ધ્રૌવ્ય (સ્થિરતા) આ ત્રણ જેમાં ન હોય તે વસ્તુ આ જગતમાં વિદ્યમાન નથી. જે સત્ છે તે ત્રણે ધર્મોથી અવશ્ય યુક્ત જ હોય છે. કોઈપણ દ્રવ્યનો ક્યારે પણ નાશ નથી અને ક્યારે પણ ઉત્પત્તિ નથી. બધાં દ્રવ્યો અનાદિ અનંત છે અર્થાત્ ધ્રૌવ્ય છે. આ જગતમાં દરેક વસ્તુ પ્રતિસમય પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તેથી દ્રવ્ય રૂપે સ્થિર રહે છે. પ્રત્યેક પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય એમ બે સ્વરૂપ છે. તેમાંથી દ્રવ્યપણું સદાય અનાદિ અનંત છે માટે ધ્રુવ છે. દ્રવ્ય પરિવર્તનશીલ છે તેથી જુના પર્યાય રૂપે નાશ પામે છે અને નવા પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે. જેમ કે સોનાનું કડું ભાંગીને વીંટી બનાવવામાં આવે તો કડાનો વ્યય,

તેઓની ઉત્પત્તિ થાય છે પરંતુ સોનાની ધ્રુવતા સદા છે. જેમ કે જીવ મનુષ્યપણે જન્મે તે ઉત્પાદ, દેવપણે મૃત્યુ પામે તે વ્યય અને જીવ પણે ધ્રુવ સ્થિર.

તદ્ - ભાવ - અવ્યયં નિત્યમ્ ૫-30

<u>સૂત્રાર્થ</u>: જે વસ્તુ પોતાના ભાવથી અવ્યય રહે અર્થાત્ કે પોતાના મૂળ સ્વરૂપને ન છોડે તે નિત્ય.

<u>ભાવાર્થ</u>: દરેક વસ્તુ પરિવર્તન પામે છે અર્થાત્ અનિત્ય છે અને પરિવર્તન પામવા છતાં પોતાના મૂળ સ્વરૂપનો ત્યાગ કરતી નથી માટે નિત્ય છે. દરેક વસ્તુમાં પ્રતિસમયે કંઈક ફરક પરિવર્તન થયા કરે છે આ પરિવર્તન ઘણું જ સૂક્ષ્મ હોવાથી આપણી નજરમાં આવતું નથી. આ પરિવર્તન સર્વજ્ઞ ભગવંતો જ જોઈ શકે.
દા.ત. કાપડનો તાકો કાપીને કેટલાક શર્ટ બનાવ્યા. અહીં તાકાનો નાશ થયો અને શર્ટની ઉત્પત્તિ થઈ છતાં મૂળ દ્રવ્યમાં (કાપડમાં) કોઈ ફેરફાર થયો નથી. કાપડ કાપડરૂપે મટીને કાગળ રૂપે કે અન્ય કોઈ વસ્તુરૂપે બન્યું નથી. કાપડ તાકા રૂપે નાશ પામીને શર્ટ રૂપે ઉત્પન્ન થયા છતાં કાપડરૂપે નિત્ય (કાયમ) રહે છે. એક જ વસ્તુમાં નિત્યત્વ અને અનિત્યત્વ વગેરે પરસ્પર વિરુદ્ધ ધર્મોની સાબિતી સ્યાદ્વાદ દૃષ્ટિથી થાય છે. પૂજ્ય ઉમાસ્વાતિજી હવે પછીના સૂત્રમાં સ્યાદ્વાદને ઓળખાવે છે.